

નિશ્ચયનો વિષય જે દ્રવ્યસ્વભાવ છે—ધ્રુવ છે તેમાં સંસારનો કે સિદ્ધનો ઉત્પાદ્—વ્યય નથી. આવા ધ્રુવસ્વભાવના હોવાપણાનો જેને સ્વીકાર આવે છે તેને અલ્પકાળમાં સિદ્ધદશા પ્રગટ થઈ જશે.

—જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૨૨ સં. ૨૦૫૮ [૭૦૪] * આત્મધર્મ * [અંક-૧૨ વર્ષ-૫૮] વીર સં. ૨૫૨૮ જુન-૨૦૦૨

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ ઉન્નત બુદ્ધિના ધારક ભવ્ય જીવોને વાંચવા માટે ભક્તિથી જે પુસ્તકનું દાન આપવામાં આવે છે અથવા તેમને તત્ત્વનું વ્યાખ્યાન આપવામાં આવે છે, તેને વિદ્વાનો શ્રુતદાન (જ્ઞાનદાન) કહે છે. આ જ્ઞાનદાન સિદ્ધ થતાં જ થોડા જ ભવોમાં મનુષ્ય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લે છે જેના વડે સમસ્ત વિશ્વ સાક્ષાત્ દેખાય છે અને જે પ્રગટ થતાં ત્રણે લોકના પ્રાણી ઉત્સવની શોભા કરે છે. ૭૩૧.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દેશવ્રત ઉદ્યોતન, શ્લોક–૧૦)*

❀ ઇસ સંસારમેં દેહાદિ સમસ્ત સામગ્રી અવિનાશી નહીં હૈં, જૈસા શુદ્ધ બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ હૈ, વૈસા દેહાદિમેંસે કોઈ ભી નહીં હૈં, સબ ક્ષણભંગુર હૈં. શુદ્ધાત્મ તત્ત્વકી ભાવનાસે રહિત જો મિથ્યાત્વ વિષય-કષાય હૈ ઉનસે આસક્ત હોકે જીવને જો કર્મ ઉપાર્જન કિયે હૈં, ઉન કર્મોસે જબ યહ જીવ પરભવમેં ગમન કરતા હૈ, તબ શરીર ભી સાથ નહીં જાતા. ઇસલિયે ઇસ લોકમેં ઇન દેહાદિક સબકો વિનશ્વર જાનકર દેહાદિકી મમતા છોડના ચાહિયે ઔર સકલ વિભાવ રહિત નિજ શુદ્ધાત્મ પદાર્થકી ભાવના કરની ચાહિયે. ૭૩૨.

*(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૨, ગાથા–૧૨૯)*

❀ તત્ત્વાર્થશ્રદ્ધાન કરવાનો અભિપ્રાય કેવળ તેનો નિશ્ચય કરવો એટલો જ માત્ર નથી પરંતુ ત્યાં તો એવો અભિપ્રાય છે કે જીવ-અજીવને ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ માનવાં, આસ્રવને ઓળખી તેને હેય માનવો, બંધને ઓળખી તેને અહિત માનવો, સંવરને ઓળખી તેને ઉપાદેય માનવો, નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું તથા મોક્ષને ઓળખી તેને પોતાનું પરમ હિત માનવું. એ પ્રમાણે તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભિપ્રાય છે. ૭૩૩.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૯ પાનું–૩૧૯)*

❀ જે અર્હંતને દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયપણે જાણે છે, તે (પોતાના) આત્માને જાણે છે અને તેનો મોહ અવશ્ય લય પામે છે. ૭૩૪.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા–૮૦)*

❀ હે જીવ ! જ્યાં દુષ્કૃત્યનો વાસ છે એને તું ગૃહવાસ ન સમજ. ચોક્કસ એ તો યમનો ફેલાયેલો ફંદો છે. તેમાં શંકા નથી. ૭૩૫.

*(મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા–૧૨)*

કહાન
સંવત-૨૨
વર્ષ-૫૮
અંક-૧૨
[૭૦૪]

વીર
સંવત
૨૫૨૮
સં. ૨૦૫૮
June
A.D. 2002




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# શુદ્ધાત્મ–અવલોકન : जाण अलिंगग्गहणम्।

(શ્રી સમયસાર ગાથા–૪૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી)

(તા. ૨૦-૧-૭૮)

શ્રી સમયસારશાસ્ત્રમાં ગાથા ૪૯મા અવ્યક્તનો ત્રીજો બોલ ચાલે છે. અહીં શરૂઆતમાં શિષ્ય પૂછે છે કે એ અધ્યવસાનાદિ ભાવો છે તે જીવ નથી તો તે એક, ટંકોત્કીર્ણ, પરમાર્થસ્વરૂપ જીવ કેવો છે? તેનું લક્ષણ શું છે?—એમ શિષ્યને આ જ જાણવાની ગરજ થઈ છે તેને આ ઉત્તર આપવામાં આવે છે. શ્રી નિયમસારશાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે જીવની પર્યાયમાં ક્ષાયિકભાવ, ઉપશમભાવ થાય તે પણ જીવ નથી. અહીં ભગવાન કુંદકુંદાચાર્યદેવે ગાથાની જે રચના કરી છે તેમાંથી શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે શિષ્યનો આવો પ્રશ્ન છે તેના ઉત્તરરૂપ આ ગાથા છે—એમ કાઢ્યું છે. આ ગાથામાં जाण એમ કહ્યું છે. તેમાં આચાર્યદેવ એમ કહેવા માગે છે કે તું અવ્યક્તને પર્યાયમાં જાણ!

અહીં અવ્યક્તના બીજા બોલમાં એમ આવ્યું કે કર્મ ભાવક ને વિકારી પર્યાય ભાવ્ય તે વ્યક્ત છે અને તેનાથી અવ્યક્ત ભિન્ન છે. શ્રી પ્રવચનસારશાસ્ત્રની ગાથા ૨૪૨મા ભાવકભાવનું કથન આવે છે તેમાં જ્ઞાનપ્રધાનકથનથી એમ કહે છે કે ભાવક એટલે જ્ઞાયક આત્મા—જ્ઞાયકભાવ તે ભાવક અને સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રની પર્યાય તે તેનું ભાવ્ય. ભગવાન આત્મા જ્ઞાયકભાવ છે, તે ભાવ કરવાવાળો છે પણ તેનું ભાવ્ય વિકારીભાવ નથી. અહીં શ્રી સમયસારમાં વિકારીભાવને જ્ઞાયકભાવથી ભિન્ન બતાવવો છે તેથી ભાવક કર્મ ને તેનું ભાવ્ય વિકારી ભાવ એમ લીધું અને શ્રી પ્રવચનસારમાં દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણેયની વાત કરી, જ્ઞાન અને જ્ઞેયની પ્રતીતિની

વાત કરી તથા તેનું જ્ઞાન અને રાગાદિથી નિવૃત્તિ–ત્રણે પર્યાય ભાવ્ય છે એમ કહ્યું. ભગવાન જ્ઞાયકભાવ છે તેની ઉપર દૃષ્ટિ કરવાથી વર્તમાન વિકારરહિત નિર્મળ પર્યાય થાય તે ભાવકનું ભાવ્ય છે. શ્રી સમયસારની ૧૧મી ગાથામાં દર્શનપ્રધાન કથનથી ભૂતાર્થ આશ્રિતની વાત કરી છે. અહીં પણ દર્શનપ્રધાનથી કથન છે. આશ્રય કરનારી તો પર્યાય છે પણ આશ્રય કોનો ?—કે ભૂતાર્થનો, ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માનો જ આશ્રય છે.

ચિત્સામાન્યમાં ચૈતન્યની સમસ્ત વ્યક્તિઓ નિમગ્ન છે. સામાન્ય એટલે ત્રિકાળી ધ્રુવ, તેમાં ચૈતન્યની સમસ્ત અવસ્થાઓ અંતર્મગ્ન છે. તેને તું અવ્યક્ત જીવમ્ જાણ—એમ કહ્યું છે. ત્યાં જાણ એ પર્યાય છે. તેથી પર્યાયમાં તેને–અવ્યક્તને જાણ—એમ કહે છે. ભગવાન અંદર પૂર્ણ પડ્યો છે તેના તરફ દૃષ્ટિ કર. ત્યાં દૃષ્ટિ તે પર્યાય છે, જાણવાવાળી પર્યાય છે પણ પર્યાયનો વિષય ધ્રુવ છે, પર્યાયનો વિષય પર્યાય નથી. શ્રી જયસેનાચાર્યે આ ટીકામાં વારંવાર હે શિષ્ય તું જાણ, તું જાણ—એમ લીધું છે.

શ્રી જયસેનાચાર્યદેવ શ્રી સમયસારશાસ્ત્રની ૩૨૦ મી ગાથાની ટીકા કરતાં કહ્યું છે, 'વિવક્ષિત–એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર–સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષ–પ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધપારિણામિક–પરમ-ભાવલક્ષણ નિજપરમાત્મ-દ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'

'એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના'માં ભાવ્ય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય કહેવી છે અને 'સકલનિરાવરણ' કહીને ત્યાં અવ્યક્ત દ્રવ્ય કહેવું છે. અંદર ચૈતન્ય જેમાં એક એક શક્તિ સહજ અપરિમિત એવી તો અનંત શક્તિઓ તેનું અખંડ એકરૂપપણું તે જ હું છું, પણ એક સમયની ખંડજ્ઞાનરૂપ પર્યાય તે હું નથી. વિષય કરે છે ખંડજ્ઞાન, પણ ખંડજ્ઞાન ખંડજ્ઞાનને ભાવતું નથી. સમ્યગ્દર્શન વિષય કરે છે ધ્રુવને સમ્યગ્દર્શન સમ્યગ્દર્શનને વિષય બનાવતું નથી.

ચારે બાજુથી જુઓ તો એક વસ્તુ જ સિદ્ધ કરે છે. વીતરાગદેવની વાણી પૂર્વાપર વિરોધ રહિત સિદ્ધ કરે છે, એક ઠેકાણે કાંઈક કહ્યું હોય ને બીજે ઠેકાણે કાંઈ બીજું એનાથી વિરુદ્ધ કહે તે વીતરાગની વાણી નથી. ઝીણી વાત છે ભાઈ ! અત્યારે તો સાંભળવા મુશ્કેલીથી મળે તેવી છે. બાકી ઉપવાસ કરો, વ્રત કરો,

સામાયિક કરો, પૂજા કરો—એવું સાંભળવાનું ઘણું મળે પણ માર્ગ તો આવો છે.

અહીં કહે છે કે ચિત્સામાન્યમાં સમસ્ત વ્યક્તિઓ નિમગ્ન છે એમ હે શિષ્ય તું જાણ! જાણ એ વર્તમાન પર્યાયમાં આવે છે, એ વર્તમાન પર્યાય કે જે જ્ઞાયકની ભાવ્ય નિર્મળ પર્યાય, રાગરહિત છે તે ભાવશ્રુતજ્ઞાનરૂપી પર્યાય દ્વારા બધી વ્યક્તિઓ જેમાં અંદર લીન છે એવા સામાન્યને જાણ.

ચિત્સામાન્યમાં સમસ્ત વ્યક્તિઓ એટલે કે અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત વીર્ય, અનંત પ્રભુતા આદિની પર્યાય, અનંત શાંતિની સ્વચ્છતાની પર્યાય, અનંત અકાર્યકારણ—પરનું કારણ નહીં, પરનું કાર્ય નહીં—એવી શક્તિની પર્યાય—એ બધી પર્યાયો સામાન્ય ચૈતન્યમાં નિમગ્ન છે તે કારણે એ અવ્યક્ત છે તેથી ઉપાદેય છે—એમ હે શિષ્ય ! તું જાણ. શા કારણે ઉપાદેય જાણ !—કે સમસ્ત વ્યક્તિઓ—પર્યાયો અંતર્મગ્ન છે માટે એક વર્તમાન પર્યાયમાં તું એમ જાણ કે આ એક અવ્યક્ત વસ્તુ જ ઉપાદેય છે.

આહાહા ! આવી વસ્તુ છે. મૂળ માર્ગનો બહુ ફેરફાર થઈ ગયો છે. અજ્ઞાનીઓને બિચારાઓને પોતાને દુઃખ થાય એવું કરવાનું ભાવમાં તો ન હોય, પણ ભાવની ખબર નથી; આવા ભાવથી—પરિણામથી પરિણામે દુઃખ થશે એની ખબર નથી; અને કોઈ જીવ મિથ્યાશ્રદ્ધાથી ભવિષ્યમાં દુઃખી થાય એવું જ્ઞાનીને ઠીક ન લાગે, કરુણા આવે. નરકના ને નિગોદના જીવોનાં દુઃખ વર્ણવતાં જ્ઞાનીને કરુણા આવે છે. પહેલી નરકના નારકીનું ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું હોય છે, એવી સ્થિતિએ જીવ અનંતવાર ઉપજ્યો, દસ હજાર ને એક સમયની સ્થિતિએ અનંતવાર ઉપજ્યો, બે સમયે અનંત વાર ઉપજ્યો—એમ કરતાં અસંખ્ય સમય ને એમ કરતાં કરતાં દસ હજાર વર્ષ ને એક મિનિટના સમયે ઉપજ્યો તે ઠેઠ તેત્રીસ સાગરોપમ સુધીના સમયોમાં દરેકમાં અનંતવાર ઉપજ્યો. એકવાર નહીં પણ અનંતવાર, કેમ કે કાળ અનંત ગયો છે, કાળની આદિ નથી. ભાઈ ! તેં આનો દીર્ઘ વિચાર કર્યો નથી. ભગવાન એમ કહે છે કે નારકીના આવાં ક્ષણનાં દુઃખો કરોડો જીભથી અને કરોડો ભવમાં પણ કહી શકાય નહીં, એવું ભયંકર દુઃખ ત્યાં ભોગવ્યું છે. ભૂલી ગયો એટલે કાંઈ હતું નહીં એમ કહેવાય ? જનમ્યા પછી મનુષ્યભવમાં છ મહિના, બાર મહિના શું હતું, માતાએ ક્યાં સૂવરાવ્યો, નવરાવ્યો, ધવરાવ્યો તેની ખબર અત્યારે નથી તેથી એ હતું નહીં એમ કોણ કહે ?—એમ અનંત કાળના એવા નરક આદિના દુઃખોની એને ખબર નથી માટે નહોતા એમ કેમ કહેવાય ? નરકના દુઃખો તો

સંયોગની અપેક્ષાએ કહ્યાં છે પણ નિગોદના દુઃખો તો પર્યાયમાં શક્તિ ઘટી ગઈ છે તેથી ત્યાં અનંતગણા દુઃખો છે, કારણ કે આનંદનું રૂપ ત્યાં તદ્દન ઉલટું જ થઈ ગયું છે—એવા નિગોદના ભવ એક શ્વાસમાં અઢારવાર કર્યા, એવા એકવાર નહીં પણ અનંતવાર કર્યા છે.

ભાઈ ! બહારમાં તને શેનાં હરખ આવે છે? કોઈ માન–સન્માન આપે ત્યાં રાજી–રાજી થઈ જા છો ! પણ તું તો જ્ઞાતાદૃષ્ટા છો, એમાં મને આ ઠીક પડે છે ને આ અઠીક પડે છે—એવું ક્યાંથી લાવ્યો? અહીં તો કહે છે કે ભૂતકાળની ને ભવિષ્યકાળની પર્યાયો અંદરમાં સમાઈ ગઈ છે. અંદર સમાઈ ગઈ છે તો ત્યાં ઉદયભાવે કે ક્ષયોપશમભાવે રહી નથી, પણ એ તો પરમપારિણામિભાવપણે શક્તિરૂપે રહી છે, તેને અવ્યક્ત કહેવામાં આવે છે અને તે અવ્યક્ત જ ઉપાદેય છે. શુદ્ધ ઉપાદેય વસ્તુ જ આદરણીય છે. બહારથી દૃષ્ટિને સંકેલીને એ દૃષ્ટિને ત્યાં લગાવ એમ કહેવું છે.

હવે અહીં ચોથા બોલમાં કહે છે કેઃ—

### ★ ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. ૪. ★

દ્રવ્ય એક સમયની પર્યાયમાત્ર નથી. ચાહે તો મોક્ષમાર્ગની પર્યાય હો, પણ તે ક્ષણિક નાશવાન છે. શ્રી નિયમસારશાસ્ત્રના શુદ્ધભાવ અધિકારમાં કહ્યું છે કે કેવળજ્ઞાન આદિ પર્યાયો બધી નાશવાન છે, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય-પાપ, આસ્રવ, બંધ બધી નાશવાન છે, અવિનાશી તો એક ભગવાન પોતે જ ત્રિકાળી છે. ત્યાં તો એનાથી પણ વધુ કહ્યું છે કે નિર્મળ પર્યાય પણ પરદ્રવ્ય છે. આહાહા! ગજબ વાત કરી છે ને! આ જે પરદ્રવ્ય કહ્યું છે તે પરદ્રવ્યથી સ્વદ્રવ્યનું લક્ષ કરવાનું કહે છે. શ્રી સમયસારની ૧૧મી ગાથામાં भूयत्थमस्सिदो કહ્યું ત્યાં આશ્રય કરનાર પર્યાય છે, તે પર્યાયને નિયમસારમાં પરદ્રવ્ય કહી છે. તેનું કારણ એ છે કે જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય નથી આવતી એમ પોતાની પર્યાયમાંથી પણ નવી પર્યાય આવતી નથી, તેથી જેટલી પર્યાય છે તે બધાયને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. આ પરદ્રવ્યથી સ્વદ્રવ્ય ભગવાન આત્મા અંદર ભિન્ન છે.

અહીં પરમાત્મા જિનેન્દ્રદેવ એમ પોકાર કરે છે કે શરીર, વાણી, મન તો પર છે, જડ છે, તેની તો શું વાત કરવી ! તે તો તેના કારણે ટકે છે ને બદલે છે પણ તારી બદલતી પર્યાય જે તારામાં છે તે એક સમયની પર્યાયમાત્ર ક્ષણિકમાત્ર તું નથી. આ ભગવાન અંદર બિરાજે છે, જે શુદ્ધ ચૈતન્યઘન છે, તેની વર્તમાન પ્રગટ અવસ્થામાં

જે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્ર છે તે પણ ક્ષણિક પર્યાય છે. મિથ્યાશ્રદ્ધા—જ્ઞાન—ચારિત્રની તો શું વાત કરવી? એ તો ભ્રમણાનું કારણ છે, દુઃખનું કારણ છે. તારી મહત્તા, તારી કિંમત શું છે તેની તને ખબર નથી. ''જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો....'' સર્વજ્ઞ ભગવાનની વાણીમાં પણ તારું પૂરું સ્વરૂપ આવી શક્યું નથી એવો તું છો પણ તને તારી કિંમત નથી અને દુનિયાની કિંમત ટાંકવા લાગી ગયો.

આત્મદ્રવ્ય જે વસ્તુ છે, અનંત આનંદનું નિધાન છે, તેની વર્તમાન પર્યાયમાં નિર્મળતા હો, મોક્ષમાર્ગની પર્યાય હો, તોપણ તે ક્ષણિક વ્યક્તિમાત્ર નથી. પર્યાયથી તો નિર્ણય કરવાનો છે, અનિત્યથી નિત્યનો નિર્ણય કરવાનો છે, પર્યાયમાત્ર અનિત્ય છે અને વસ્તુ અંદર નિત્ય છે. ચિદ્‌વિલાસમાં આવે છે કે અનિત્યથી નિત્યનો નિર્ણય કરવાનો છે. ક્ષણિકમાત્ર તું નથી, તારી દૃષ્ટિ ક્ષણિકમાત્રમાં ન રહેવી જોઈએ. નિમિત્ત ઉપર તો દૃષ્ટિ નહીં, દયા, દાનના વિકલ્પ તે પુણ્ય છે તેની ઉપર પણ દૃષ્ટિ નહીં. પણ નિર્મળ પર્યાય ઉપર પણ તારી દૃષ્ટિ ન હોવી જોઈએ. ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકીનાથ જિનેન્દ્રદેવ જેને આત્મા કહે છે તે ચીજ કોઈ અલૌકિક છે, ભગવંત સ્વરૂપ અંદર બિરાજમાન છે. ક્ષણિક પર્યાય જેને કબૂલ કરે છે તે વસ્તુસ્વરૂપ ક્ષણિકપર્યાયમાત્ર પણ નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ ક્ષણિક પર્યાય છે. મોક્ષમાર્ગની પર્યાય તો ક્ષણિક છે, અપૂર્ણ છે, પૂર્ણ શુદ્ધ નથી પણ પૂર્ણ શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાય અને સિદ્ધપર્યાય તે પણ ક્ષણિક પર્યાય છે, ભગવાન તે ક્ષણિક પર્યાયમાત્ર નથી; અંદર ધ્રુવ ચિદાનંદ ભગવાન છે.

અરેરે! આવી વાતો પણ સાંભળવા મળે નહીં, મનુષ્યપણું મેળવી દુનિયાની હા—હોમાં વખત વીતાવી દે છે. પ્રભુ એકવાર સાંભળ તો ખરો! ઈન્દ્ર ને ગણધરોની સભામાં જિનેન્દ્ર પરમાત્માની આ વાણી હતી, મહાવિદેહક્ષેત્રમાં સીમંધર સ્વામી બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. ભગવાન કહે છે કે એકવાર સાંભળ તો ખરો! શરીર, વાણી, કર્મ, દેશ ને પરચીજ એ તો મારી વસ્તુમાં નથી, તેમાં તું નથી, પણ તારી અખંડ પૂર્ણ વસ્તુ એક પર્યાયમાં પણ આવી નથી. ''જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય! જરૂર પ્રાપ્ત થશે.'' જાગતો જીવ, જ્ઞાયકભાવ, જાણકસ્વભાવ ઊભો છે, ધ્રુવ છે તે ક્યાં જાય! અહીં કહે છે કે તે શું પર્યાયમાં આવે? રાગમાં આવે? ક્યાં આવે? નિત્યાનંદ અવિનાશી પ્રભુ આદિ—અંત વિનાની ચીજ અંતર આત્મા એ ક્ષણિકમાત્ર નથી—એમ કહે છે.

અંતર ભગવાન આત્મામાં બે પ્રકાર છે; એક ત્રિકાળી ધ્રુવ ને એક વર્તમાન પર્યાય. આ સિવાયની બીજી કોઈ વસ્તુ એમાં છે જ નહીં. સ્ત્રી–પુત્ર, કુટુંબ એ તો બધાં પર છે, તે તેને કારણે આવ્યા છે, તેના કારણે રહે છે, તારામાં નથી ને તારા નથી; અંદર હિંસા, જૂઠું, ચોરી, વિષય–ભોગ, વાસનાના અશુભભાવ એ તારા નથી, તારામાં નથી અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા, ભગવાનના સ્મરણના ભાવ એ પણ પુણ્યભાવ છે એ પણ તારી વસ્તુમાં નથી પણ અહીં તો કહે છે કે ક્ષણિક નિર્મળ પર્યાય પણ તારી વસ્તુમાં નથી. જ્યાં ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે ત્યાં અંદરમાં જાને! પર્યાય ક્ષણિકને ત્યાં લઈ જાને! ક્ષણિક પર્યાય ઉપર નજર ન કર. આહાહા! શું અદ્ભુત વાત કરી છે!

અહીં તો ભગવાન તીર્થંકરદેવ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ, અર્ધલોકના સ્વામી ઈન્દ્રની સમીપમાં આમ કહેતા હતા; પ્રભુ! તું કોણ છો! કેટલો છો! કેવડો છો! તારી વર્તમાન પર્યાય પ્રગટ છે તેવડો તું નથી, તારી ને પર્યાય વચ્ચે અત્યંત અભાવ છે. ક્ષણિક વ્યક્તિમાત્ર પ્રગટતા કહીને એમ કહેવા માગે છે કે આત્માની પર્યાય જે ક્ષણિક પ્રગટ છે, તેમાં નિર્મળ પ્રગટની વાત લેવી છે, વિકારની વાત તો ઉદય ભાવમાં આવી ગઈ, બીજા બોલમાં તેની વાત કરીને કાઢી નાખી. અહીં તો ક્ષણિક નિર્મળ પર્યાયમાત્ર પણ આત્મા નથી એમ બતાવવું છે. એક ક્ષણની નિર્મળ પર્યાય જેવડો તું નથી તો પરનો તો ક્યાંથી થયો? શ્રી નિયમસાર શુદ્ધભાવ અધિકારમાં કેવળજ્ઞાનાદિ, સંવર–નિર્જરાની ધર્મપર્યાય આત્માના અવલંબનથી ઉત્પન્ન થઈ તે પણ ક્ષણિક છે એમ કહ્યું છે, એક સમયમાત્રની તેની મુદત છે. આત્મા ત્રિકાળી આનંદનો નાથ છે તેના અવલંબનથી સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થાય છે તેની મુદત પણ એક જ સમયની છે. કેવળજ્ઞાન પણ એક સમયમાં એક જ છે, બીજા સમયમાં કેવળજ્ઞાનની બીજી પર્યાય થાય છે, એવી જ થાય પણ તે બીજી જ છે. ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે આ કારણે આત્મા અવ્યક્ત છે. એક સમયની નિર્મળ પર્યાયમાત્ર નથી કારણ કે તે નિર્મળ પર્યાય વ્યક્ત છે. એવડો તું નથી, તેનાથી ભિન્ન નિત્યાનંદ તું છો, એ સમ્યગ્દર્શનનો વિષય છે, એ જ ઉપાદેય છે. એને જ આદરણીય કરવાથી આત્માના કલ્યાણની દશા ઉત્પન્ન થાય છે, પણ એ દશા પણ ક્ષણિક છે—એમ તું જાણ! વિશેષ કહેશે.

[ક્રમશઃ]

# જે પુણ્યથી મદ થાય એવું પુણ્ય અમને ન હજો

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૦)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રનો આ બીજો અધિકાર છે. તેની ૬૦મી ગાથામાં યોગીન્દ્રદેવ નિશ્ચયથી મિથ્યાદૃષ્ટિઓના પુણ્યનો નિષેધ કરે છે.

'पुण्णेण होइ विहवो विहवेण भओ मएण मइ–मोहो।
मइमोहेण य पावं ता पुण्णं अम्ह मा होउ।।६०।।

આ જ ગાથા 'ત્રિલોકપણત્તિ'માં બીજા ભાગમાં ૮૭૯ પાના ઉપર પરમી ગાથા છે. પ્રવચનસારની ૭૭મી ગાથા પણ તેમાં છે. આમ તો ત્રિલોકપણત્તિમાં લોકનું વર્ણન છે, કરણાનુયોગ છે છતાં આવી ભાવનાની ગાથાઓ તેમાં લીધી છે.

અર્થ :—પુણ્યથી ઘરમાં ધન–વૈભવાદિ થાય છે, ધનથી અભિમાન થાય છે, અભિમાનથી બુદ્ધિભ્રમ થાય છે અને બુદ્ધિભ્રમ થવાથી પાપ થાય છે માટે આવું પુણ્ય અમને ન હો.

પુણ્યથી ધન થાય છે એટલે ફરનિચર, દાગીના, મોતી આદિ વૈભવો પ્રાપ્ત થાય છે. તેથી એક સિદ્ધાંત એ સિદ્ધ થાય છે કે ધન–વૈભવ આદિ વર્તમાન પુરુષાર્થથી મળતાં નથી પણ પૂર્વના પુણ્યના ઉદયથી મળે છે. વર્તમાન તો એને કમાવાના રાગથી પાપ બંધાય છે. તે પાપના ફળમાં ધન–વૈભવ આદિ મળે તેમ નથી.

વીતરાગ સર્વજ્ઞદેવે આત્માને જ્ઞાનાનંદસ્વરૂપ કહ્યો છે પણ તેનું જેને ભાન નથી, રુચિ નથી અને પુણ્યની રુચિ છે તેને શુભભાવથી પુણ્ય તો બંધાય છે અને તેના ફળમાં વૈભવો મળે છે પણ એ પુણ્યના ફળમાં તેને અભિમાન થાય છે કે હું તો ઊંચી પદવીનો ધારક છું, ધનાઢ્ય છું, મોટો પગારદાર છું એમ અભિમાન વધે છે કેમકે શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું તો એને ભાન નથી તેથી અભિમાન થાય છે અને બુદ્ધિમાં ભ્રમ થઈ જાય છે કે હું મારી હોશિયારીથી ધનાઢ્ય થયો છું....

શ્રોતા :—ગરીબ હોય તેમાંથી પાંચ કરોડનો માલિક થાય એ કાંઈ હોશિયારી વિના થતો હશે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એની હોશિયારી કાંઈ કામ આવતી નથી ભાઈ ! પોતાની હોશિયારી જો સ્વભાવ સમજવામાં લગાવે તો કામ આવે છે પણ બહારના કાર્યમાં

જીવની હોશિયારી બિલકુલ કામ કરતી નથી. રાગના પુરુષાર્થથી લક્ષ્મી કે વૈભવ આદિ મળે એ વાતમાં એક અંશ પણ સાચો નથી. અમે દુકાનના થડા ઉપર બેઠા હોઈએ તો લાખ–બે લાખની કમાણી થઈ જાય અને આ આજકાલના છોકરાઓ કે માણસો બેઠા હોય તો એવી કમાણી ન થાય! એમ એને અભિમાન થાય છે અને તેનાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. મૂઢતા આવી જાય છે. અભિમાનમાં એ ધર્મીનો પણ તિરસ્કાર કરી નાંખે છે.

ભગવાન આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા વિના પુણ્યના ફળમાં અભિમાન અને બુદ્ધિની ભ્રષ્ટતા થયા વિના રહેતી નથી. અને જેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેને અવિવેકથી પાપ જ થાય છે માટે આચાર્યદેવ કહે છે કે એવા પુણ્ય અમારે ન જોઈએ. એમ કરીને ધર્મીને સમજાવે છે.

ભાવાર્થ :—ભેદાભેદરત્નત્રયની આરાધના જેણે કરી નથી અને નિદાનબંધના પરિણામ કરીને ભોગો પ્રાપ્ત કર્યા છે તેને પુણ્યના ફળમાં ધન અને ધનથી માન અને મતિભ્રષ્ટતા થાય છે.

ભેદાભેદરત્નત્રય એટલે નિશ્ચય–વ્યવહાર રત્નત્રય. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે એવી શ્રદ્ધા તે નિશ્ચયસમ્યગ્દર્શન. તેની સાથે નવતત્ત્વની અને દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે તે વ્યવહારસમ્યગ્દર્શન છે.

જ્ઞાનથી જ્ઞાનનું વેદન થવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે અને સાથે સર્વજ્ઞે કહેલાં શાસ્ત્રોનું જ્ઞાન હોવું તે વ્યવહારસમ્યગ્જ્ઞાન છે.

આત્મસ્વરૂપમાં રમણતા–સ્થિરતા તે નિશ્ચય ચારિત્ર અને સાથે પંચમહાવ્રતના પરિણામ આવે છે તે વ્યવહારચારિત્ર છે.

આવા નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ જેણે જાણ્યું નથી અને તેની—રત્નત્રયની આરાધના કરી નથી તેણે ખરેખર આત્માને સાંભળ્યો પણ નથી, દેખ્યો નથી અને અનુભવ્યો પણ નથી. તેણે તો માત્ર શુભાશુભરાગની કથા સાંભળી છે અને તેની જ તેને રુચિ છે કે આ શુભભાવથી પુણ્ય થશે તેના ફળમાં સ્વર્ગનો વૈભવ મળશે અથવા મોટો શેઠ થઈશું... એવી પુણ્યની રુચિવાળા જીવને નિદાનબંધના પરિણામથી પ્રાપ્ત થયેલી સમ્પદામાં અભિમાન થઈ જાય છે.

જો સીધી રીતે ભોગોની ભાવના હોય તો તો પાપ જ બંધાય. સીધી ભોગોની ભાવના ન હોય પણ આત્માનો અનુભવ અને આત્માનો પ્રેમ નથી અને રાગના

અનુભવની પ્રીતિ અને ભાવના છે તેથી તેને ભોગની જ ભાવના છે એમ કહેવામાં આવે છે. પુણ્યના હેતુપૂર્વક કરેલાં શુભભાવમાં આત્માની પ્રીતિ નથી પણ રાગની પ્રીતિ છે. સીધી રીતે ભોગની જ ભાવના હોય તો તો પુણ્ય ન બંધાય–પાપ બંધાય.

સમયસાર આદિમાં જે રીતે વાત છે તે જ રીતે કુંદકુંદઆચાર્યની પરંપરામાં થયેલાં આચાર્યોએ વાત કરી છે. ફેરફાર કાંઈ કર્યો નથી. શબ્દો પણ એ જ વાપર્યા છે.

આત્માના શ્રદ્ધા–જ્ઞાન વિના શુભભાવનો હેતુ છે તેની જ પ્રીતિ અને તેનો જ અનુભવ છે તેને શુભના ફળરૂપ ભોગની ભાવના છે એમ નક્કી થાય છે પણ જો સીધી ભોગની જ ભાવના હોય તો તો પાપબંધ થાય છે.

મિથ્યાદૃષ્ટિને દયા–દાન–વ્રત–ભક્તિ આદિ શુભપરિણામની પ્રીતિ છે તેના ફળમાં એટલાં ધનાદિ પ્રાપ્ત થાય છે કે ધન ક્યાં ગોઠવવું એની ઉપાધિ થાય છે. ૮૧ની સાલમાં એક માણસ કહેતો હતો કે મારે એટલી પેદાશ થાય છે કે ખંપાળીએ ધન ભેગું કરવું પડે એવી સ્થિતિ છે.

પુણ્યના ફળમાં ઘરમાં સંપદા મળે પણ પુણ્યના ફળમાં આત્માની શાંતિ ન મળે. ઘરે દસ લાખની મોટરો હોય, કરોડના બંગલા હોય, નોકર–ચાકર આજ્ઞામાં ઊભાં હોય....એને એમ થઈ જાય કે હું જ પરમેશ્વર છું, મારાં સિવાય બીજો પરમેશ્વર કોણ હોઈ શકે ! એક વચન નાંખું ત્યાં પૈસા પેદા થાય છે....આવા પૈસાવાળા અત્યારે વાણિયામાં પણ હોય છે ને ! પછી ભલે એને બટાટામાં જીવ છે એની ખબર ન હોય. એક શેઠને મોઢે કીધું હતું કે આ જૈનમાં જન્મ્યા છો અને બટાટાની એક કટકીમાં અનંતા જીવ છે તેની તમને ખબર નથી ? બટાટા, શકરકંદ આદિ કંદમૂળની એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંત જીવે છે તે કેટલાં ?–કે, અત્યારસુધી સિદ્ધ થઈ ગયાં તેનાથી અનંતગુણા જીવ એક શરીરમાં રહેલાં છે, પણ અરે ! એને તો એમ લાગે છે કે હું એક જ જીવ છું મારાં સિવાય બીજો જીવ વળી કોણ ! એવું ધનનું અભિમાન ચડી જાય છે.

આ અભિમાનથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે, વિવેક રહેતો નથી તેથી અવિવેકથી પાપ બંધ થાય છે—પાપની કમાણી થાય છે. તેના ફળમાં જીવ ભવ ભવમાં અનંત દુઃખ પામે છે. માટે, મિથ્યાદૃષ્ટિઓનું પુણ્ય પાપનું જ કારણ છે—અભિમાનને કારણ મોટા મોટા રાજા–મહારાજાઓ પણ મરીને નરકમાં ચાલ્યાં જાય છે. મૂળ પાઠમાં એ જ શબ્દ કહ્યાં છે કે, मदमहंकार जनयति बुद्धिविनाशं करोति।

સમ્યક્ત્વાદિ ગુણ સહિત જે ભરત, સગર, રામ, પાંડવ આદિ વિવેકી જીવ છે તેને પુણ્યબંધ અભિમાન ઉત્પન્ન કરતો નથી. આત્મા અતીન્દ્રિય જ્ઞાનાનંદમૂર્તિ છે એવી સમ્યક્ શ્રદ્ધા અને હું સર્વજ્ઞસ્વભાવી છું, મારા સ્વભાવમાં વિકાર નથી એવું સમ્યક્ જ્ઞાન અને અનુભવ સહિત જીવને પુણ્ય કે પુણ્યના ફળ અભિમાન ઉપજવાનું કારણ થતાં નથી. દા.ત. ભરત ચક્રવર્તીને ઘરે ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ આદિ વૈભવ પૂર્વપુણ્યના ઉદયથી પ્રાપ્ત હતાં છતાં અભિમાન એક અંશે પણ ન હતું. જે ચીજ જ મારી નથી એવી સંયોગીચીજના અભિમાન શા ? જડકર્મના ફળ આ બહારમાં આવ્યાં છે તે અમારાં નથી અને અમે તેના નથી.

જેને પુણ્યના ફળમાં અભિમાન છે તેને આત્માની દૃષ્ટિ નથી અને જેને આત્માની દૃષ્ટિ છે તેને પુણ્યના કે કોઈ પણ કર્મના ફળમાં અભિમાન થતું નથી.

ચક્રવર્તીના પુણ્ય તો એવા હોય કે સોળહજાર દેવ તો તેની સેવામાં હોય, ઈન્દ્ર જેના મિત્ર હોય પણ સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને ભેદજ્ઞાન વર્તે છે કે આ મિત્રાદિ કોઈ મારાં આત્માના નથી. પૂર્વના પુણ્યયોગે તેનો સંયોગ છે પણ તે કોઈ મારાં નથી અને મારાં આત્માથી ઊપજેલાં નથી. પૂર્વે મારાં આત્માની શાંતિ દાઝી ત્યારે ઉત્પન્ન થયેલાં શુભપરિણામથી પુણ્ય બંધાય હતા તેનું આ ફળ છે.

રામ, પાંડવ આદિ પણ મહાપુરુષો થઈ ગયાં. રતનની પૂતળી જેવા તો એના શરીર હોય, એક એક કરોડના મોતીના હાર એના ગળામાં પહેરેલાં હોય પણ તેને જ્ઞાની મડદાંના શણગાર તરીકે જુએ છે. જેમ મડદાંને પાલેસ લાકડાથી સળગાવો તો કાંઈ એ ખુશી નથી અને થાંભલા જેવા લાંકડાથી સળગાવો તો કાંઈ એ નારાજ નથી. તેમ સમ્યગ્દૃષ્ટિ જીવ સંયોગમાં કે સંયોગી ભાવમાં હર્ષ–શોક માનતાં નથી. મારી સંપદામાં તો કેવળજ્ઞાનનો કંદ છે તેની પાસે આ સંપદા તો ધૂળ સમાન છે. અજ્ઞાનીને તો પાંચ–પચાસ લાખ રૂપિયા થઈ જાય ત્યાં 'હું પહોળો અને શેરી સાંકડી' એવી દશા થઈ જાય છે.

જ્ઞાનીને જગતમાં કોઈ શત્રુ કે મિત્ર ભાસતાં નથી. તો રામને માટે રાવણ શત્રુ ન હતાં ? ના. એ તો પૂર્વના પાપયોગે મળેલો સંયોગ હતો પણ તે સંયોગ મને નુકશાન કરે છે એમ ધર્મી માનતાં નથી. અંતરની સંપદા સંભાળી લીધી તેને બહારના સંયોગથી અભિમાન થતું નથી. લડાઈના કાળે જરાં અસ્થિરતાવશ દ્વેષના પરિણામ છે, બાણ ઉપર બાણ ચલાવાય છે પણ તે દ્વેષના અંશને ઝેર સમાન જાણે છે. દ્વેષના પરિણામથી અમારી અંતર શાંતિને લૂંટ પડે છે તેથી દ્વેષનો આદર

નથી. 'આ ઠીક થાય છે' એમ નથી. હેયબુદ્ધિએ થાય છે.

અર્જુન વગેરે પાંડવો પણ જ્ઞાની થઈ ગયા, શક્તિનો પાર નથી પણ કુટુંબમાં ક્લેશ થાય એવું કરવા માંગતાં નથી, દુર્યોધન આદિ સામેથી લડાઈ કરવા આવે છે એટલે પોતે લડે છે પણ અંદરમાં તેનો ખેદ છે. અરે ! અતીન્દ્રિય આનંદનો ડુંગર જેને પ્રતીતિમાં આવ્યો છે તેને ઝેર અને વિષ્ટા જેવા રાગ ઉપર પ્રેમ કેમ થાય ? તેને પુણ્યબંધ અભિમાન ઉપજાવી શકતો નથી. જે અમારાં નથી તેને અમે અમારાં કેમ માનીએ ! જેમાં અમે નથી તેને અમારાં કેમ માનીએ ? જે અમારાં હોય તે અમારાથી જુદાં કેમ રહે ?

સમ્યગ્દષ્ટિ સંસારમાં રહ્યા હોવા છતાં, છ ખંડના રાજ્યમાં રહ્યાં છતાં તેની નજરમાં આત્મા દેખાય છે. ૯૬ હજાર સ્ત્રીઓમાં તેને મમત્વ નથી માટે એ સ્ત્રીઓ તેની નથી છતાં ચક્રવર્તીની સ્ત્રીઓ કહેવી એવો વ્યવહાર છે. નિશ્ચયથી તો એ અનંતચૈતન્ય ઋદ્ધિનો સ્વામી છે. પૂર્વે પુણ્ય ઘણાં કર્યા હોય એટલે ચક્રવર્તીને ઉપરથી ઈન્દ્ર આવીને એમ કહે કે 'ભરતજી ! જરૂર પડે તો અમને યાદ કરજો.' એ પુણ્યનું ફળ છે. પોતે તો જાણે છે કે અમારી આત્મસંપદાને બહારથી કોઈની જરૂર નથી. આમ, ધર્મીને પરમાં મારાંપણું નહિ હોવાથી ઘમંડ—અભિમાન થતું નથી.

આજ એક લેખ વાંચ્યો, તેમાં બે જણાએ 'સર્વજ્ઞ' ઉપર ચર્ચા લખી છે પણ બેમાંથી એકેય સર્વજ્ઞના સ્વરૂપને સમજ્યાં નથી. ભાઈ ! સર્વજ્ઞ કોને કહે ! અનાદિ અનંત જેમ છે તેમ સર્વજ્ઞ જાણે છે. વસ્તુની આદિ નથી તેમ જ ભગવાને આદિ જાણી નથી. ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થોને ભગવાન એક સમયમાં જાણે છે. જે સમયે જે દ્રવ્યની જે પર્યાય પોતાના ઉપદાનથી થાય છે ત્યારે સાથે નિમિત્ત હોય છે. તેથી નિમિત્તથી કાર્ય થાય છે એમ નથી.

**જો જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે,**
**અનહોની કબહુ નાહિ હોસી, કાહે હોત અધીરા રે.**

આવી દૃષ્ટિ જેને થઈ તેને નિમિત્ત અને વિકલ્પની રુચિ ઊડી જાય છે અને 'મારું તો સર્વજ્ઞપદ છે' એવી દૃષ્ટિ થઈ જાય છે. આમાં વ્યવહાર પહેલાં હોય અને પછી નિશ્ચય આવે—એવું આવતું નથી. સર્વજ્ઞના નિર્ણયમાં નિમિત્ત—ઉપાદાન, નિશ્ચય—વ્યવહાર અને ક્રમબદ્ધ બધાં સિદ્ધાંતનો નિર્ણય આવી જાય છે, કાંઈ બાકી રહેતું નથી.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિએ સર્વજ્ઞસ્વભાવનો નિશ્ચય કર્યો છે તેથી તે જડની કે રાગની ક્રિયા મારાથી થઈ એમ માનતો નથી તેથી તેને અભિમાન થતું નથી. કોઈનું કાંઈ કરી દઉં કે કોઈને સમજાવી દઉં એવો અભિપ્રાય રહેતો નથી. 'હું મને સમજીને ઠરું' એ એક જ મારું કામ છે.

વિકલ્પનું પણ ધર્મીને અભિમાન નથી કેમ કે એ તો રાગ છે. રાગનું કરવું એ મારો સ્વભાવ નથી પણ અધૂરીદશા હોવાથી રાગ આવ્યા વગર રહેતો નથી. એમ જાણતાં હોવાથી પુણ્યના ફળમાં ધર્મીને ઘમંડ થતો નથી. જેમ અજ્ઞાનીઓને પુણ્યના ફળમાં પ્રાપ્ત વિભૂતિ ઘમંડનું કારણ થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિને થતું નથી. અજ્ઞાની બહારના ગર્વમાં મરે છે તો સમ્યગ્દૃષ્ટિ અંતરમાં ઠરે છે.

સંસારના કામ કેમ કરવા અને કેમ પાર પાડવા એ ચતુરાઈના કામ છે અને અજ્ઞાની અભિમાન કરે છે પણ ભાઈ એ ચતુરાઈ નથી, અન્યાય છે, કાળાકેર છે. ઘણાં વર્ષો પહેલાં એક અનુભવ થયેલો. અમે મુંબઈથી માલ લઈને આવતાં હતાં સાથે એક સંસારનો ખટપટી ભાઈ હતો. તેની પાસે ટિકીટ બે હતી પણ માલ આઠ ટીકીટનો હતો. કીધું આ માલનું વજન કરાવીને પૈસા ભરી દેવા જોઈએ તો કહે તમે ભગતડાં કાંઈ જાણો નહિ. હમણાં જુઓ કેવી ચતુરાઈથી માલ ચડાવી દઉં છું ! પછી ઉતારવા ટાઈમે તો પોતાનું ગામ છે ત્યાં કાંઈ વાંધો નથી. પણ એલા ! સત્યને બદલે અસત્ય થાય છે તેનો કાંઈ વાંધો તારા પરિણામમાં નથી ? આને ડહાપણ ન કહેવાય, કાળાકેર કહેવાય. ભલે પોલિસ તમને ન પકડે પણ તમારા ભાવને તો તમે જુઓ ! આમ, તો કપાળે મોટું તિલક કરો છો અને આવા પરિણામ ! !

લૌકિક ચતુરાઈવાળા ભલે પોતાને ડહાપણવાળા માને, તેની પ્રવૃત્તિ અને પરિણામમાં ક્યાંય ઠેકાણાં ન હોય પણ અભિમાન તેના શરીરમાં અને ચાલમાં પણ દેખાતું હોય, એ ભલે દુનિયામાં ડાહ્યાં ગણાતાં હોય પણ બુદ્ધિભ્રષ્ટ થઈ ગયેલાં છે. નાની ઉંમરમાં આવા તો ઘણાં અમે જોયાં છે. એક તો સરકારની ચોરી કરે અને વળી પોતાને મોટો માને અને બીજાને હલકાં માને.... અભિમાન કરે. આવા અભિમાન ધર્મીને ન હોય.

તે સમ્યગ્દૃષ્ટિઓ પુણ્યના પાત્ર થઈને, ચક્રવર્તી આદિ વિભૂતિ પામીને, મંદ અંહકારાદિ વિકલ્પોને છોડીને મોક્ષમાં ગયા. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવ ચક્રવર્તી, બલભદ્ર આદિ પદમાં નિરહંકાર રહ્યાં.

ભાષા જુઓ. 'સમ્યગ્દૃષ્ટિ પુણ્યના પાત્ર છે' સમ્યગ્દૃષ્ટિને પુણ્ય હોય તેવા

મિથ્યાદૃષ્ટિને ન હોય. પૂર્વે બાંધેલાં પુણ્ય સમ્યગ્દૃષ્ટિને ચક્રવર્તી, બલભદ્ર, તીર્થંકરાદિપણે ફળે છે. મિથ્યાદૃષ્ટિના એવા પુણ્ય જ ન હોય. સમ્યગ્દૃષ્ટિ આવા પુણ્યફળને પામીને પણ મદ–અહંકારાદિ નહિ કરતાં આત્માની પૂર્ણ સાધના સાધીને મોક્ષ પામે છે. ઊંચી ઊંચી પદવીને પ્રાપ્ત છતાં નિરહંકાર...નિરહંકારપણે રહીને સાધના કરે છે તે સિદ્ધિને પામે છે.

આવું જ કથન શ્રી આત્માનુશાસનમાં ગુણભદ્રઆચાર્યે કર્યું છે. 'सत्यं वाचि.... गतिर्निवृतेः। અર્થ :—આગળના સમયમાં એવા સત્પુરુષ થઈ ગયા છે કે જેના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, મનમાં દયા, પરાક્રમરૂપ ભુજાઓમાં શૂરવીરતા, યાચકોમાં પૂર્ણ લક્ષ્મીનું દાન અને મોક્ષમાર્ગમાં ગમન છે તે નિરભિમાની થયા થકાં જેને કોઈ ગુણનો અહંકાર થયો નથી તેમના નામ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. પરંતુ મોટું આશ્ચર્ય છે કે આ પંચમકાળમાં લેશમાત્ર પણ ગુણ નથી તોપણ તેને ઉદ્ધતપણું છે અથવા ગુણ તો રંચમાત્ર પણ નથી અને બુદ્ધિ અભિમાનમાં રહે છે.

તીર્થંકર, ચક્રવર્તી, બલભદ્ર આદિ મોટાં પુરુષોનાં પુણ્યની શું વાત કરવી! જેના વચનમાં સત્ય નીતરતાં હોય, બુદ્ધિમાં શાસ્ત્ર ભર્યાં હોય અને મનમાં દયા વર્તતી હોય–કોઈ પ્રાણીનું નુકશાન ન કરવું એવો ભાવ હોય, પુણ્યના એવા ઢગલાં હોય કે એક ક્ષણમાં જે કરવું હોય તે કરી નાંખે પણ નરમાશનો પાર નહિ, તેની પરાક્રમરૂપ ભુજાઓમાં શૂરવીરતા એવી હોય કે સિંહ જેવાને પણ કાનની બૂટી પકડીને ઊભો રાખી દે. એવા શૂરવીર હોય પણ અહંકાર ન હોય. બળ ઘણું પણ માન જરાય નહિ. અહીં તો શરીરમાં જરાં બળ હોય ત્યાં માન તો એટલું કે સામાને કહે તને ગામમાં ઊભો રહેવા નહિ દઉં.

યાચકોને મહાપુરુષો પૂર્ણલક્ષ્મીનું દાન આપે છે–તે એટલું કે લેવાવાળાને શરમ લાગે કે આટલું બધું લેવાય! તો જ્ઞાની એમ કહે કે બસ આટલું જ! એમ કરીને પ્રેમથી જે માગે તે આપે. ભગવાનની પૂજાનો મહોત્સવ કરીને કિમિચ્છકદાન આપે એટલે સૌને જે માગે તે આપે. અને જ્ઞાનમાં એમ જાણે છે કે જગતની વસ્તુ છે અમારી નથી અને અમે આપી નથી, સૌને પુણ્ય પ્રમાણે સંયોગ બને છે.

અત્યારે પણ લૌકિક સજ્જન એવા હોય છે કે મહાજન લોકો મંદિર આદિ માટે ફાળો કરવા આવે તો મોં માંગ્યું ધન આપે છે અને ઉપરથી કહે છે કે હજુ જરૂર પડે તો કહેજો. આ ધન તમારું જ છે. લૌકિક સજ્જન આવા હોય છે તો ધર્મીની વાત તો શું થાય! જગતની ચીજ જગતમાં જ્યાં જવાની હશે ત્યાં જશે તેમાં

અમારો શું અધિકાર છે! અમારો વિકલ્પ પણ તેમાં શું કરે! એટલી અંદરમાં સમ્યગ્દષ્ટિને નરમાશ હોય છે. સાથે શૂરવીરતા પણ આગળ કહ્યું તેમ એવી હોય કે તેની સામે કોઈ ઊભું ન રહી શકે. આવી તાકાત હોય પણ અભિમાન ન હોય. બહારના સાધનથી અમારાં આત્માને કાંઈ લાભ નથી. જેટલાં સ્વરૂપમાં ઠરીએ એટલો અમને લાભ છે.

ઘણાં તો એવા હોય કે દાન આપે નહિ અને ઉપરથી ગાળ આપે કે અમે સાંભળ્યું છે કે તમારું કામ વ્યવસ્થિત થતું નથી માટે અમને તમારાં કાર્યમાં દાન દેવાનો ભાવ નથી. એલા પણ ગાળ દીધા વિના કહી દે ને કે અમારે પૈસા દેવા નથી. એમાં તો વળી અભિમાન એવા કરે કે 'અમે તો વિવેક કરીને યોગ્ય હોય તેને જ દઈએ.' પોતાનો લોભ પોષાતો હોય અને અભિમાનથી ગાળ બીજાને આપતો જાય છે.

અહીં તો જેને સ્વભાવની દૃષ્ટિ પ્રગટી છે અને પુણ્યના પાત્ર છે તે ધર્મના કામમાં પૈસા વાપરવામાં કમી ન રાખે તેની વાત છે. 'લક્ષ્મીનું દાન ઉણું નહિ–ઓછું ન આપે.' ભાઈ! લઈ જા ને! તું આવ્યો અને તારું પુણ્ય હશે તેથી તને મળે છે એમાં અમારું કાંઈ નથી.

આવા, શાસ્ત્રમાં બુદ્ધિ, મનમાં દયા આદિના વિકલ્પ હોવા છતાં જ્ઞાનીનું ગમન મોક્ષમાર્ગમાં થઈ રહ્યું છે. કારણ પોતાના શુદ્ધ સ્વભાવને દૃષ્ટિમાં લીધો છે અને અનુભવ કર્યો છે. તેમાં જ તેનું ગમન ચાલુ છે. અંતર રુચિનું પરિણમન થઈ રહ્યું છે તેથી જ્ઞાનીને બાહ્યવૈભવના અભિમાન હોતાં નથી. નિરાભિમાની થઈને રહે છે. ૨૫ પ્રકારના દોષનો ત્યાગ તો વ્યવહારસમકિતમાં આવે છે. છઢાળામાં આ બધું આવી ગયું છે. નિશ્ચયસમકિતમાં તો કાંઈ વિકલ્પ જ નથી. અને વ્યવહારસમકિતમાં જાતિ, કુળ, બળ આદિના માન હોતાં નથી.

આવા ગુણવાન જ્ઞાનીઓ થઈ ગયાં તેના નામ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. ગુણ ઘણાં પણ માન જરાય નહિ. પણ અત્યારે તો આશ્ચર્ય છે કે ગુણ તો લેશમાત્ર ન હોય તોપણ ઉદ્ધતપણું હોય છે. બીજા કરતાં થોડી વધારે બુદ્ધિ મળી હોય, પૈસા સારાં મળ્યાં હોય, છોકરાં બીજાં કરતાં જરાં ઠીક થયાં હોય, દીકરી સારાં ઘરે પરણાવી હોય તો તેને ઉદ્ધતપણું આવી જાય છે. ઉદ્ધતાઈથી બીજાંને એમ બોલે કે અમને તો બધી આવડત છે તેથી બધાં પાસા સીધા પડે છે. તમારું તો કાંઈ ઠેકાણું નથી. દીકરા–દીકરીને પણ યોગ્ય જગ્યાએ વરાવી શકતાં નથી.

ગુણભદ્ર આચાર્ય મહા દિગંબર સંત થઈ ગયાં. તેમણે આત્માનુશાસન ગ્રંથમાં

સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનો વિવેક કરીને બતાવ્યો છે. તેમાં મિથ્યાદષ્ટિ માટે અચંબો વ્યક્ત કર્યો છે કે તેનામાં ગુણ તો છે નહિ અને ઉદ્ધતાઈ ઘણી છે.

આ ૬૦ ગાથા થઈ. હવે યોગીન્દ્રદેવ કહે છે કે દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિથી મુખ્યપણે તો પુણ્યબંધ થાય છે. મોક્ષ થતો નથી. રાગને ટાળે ત્યારે મોક્ષ થાય છે માટે, ભક્તિને સાક્ષાત્ મોક્ષનું કારણ કહ્યું નથી પણ પરંપરામોક્ષનું કારણ કહ્યું છે.

યોગીન્દ્રદેવે પુણ્ય અને ધર્મને જુદાં બતાવીને વિવેક કરાવ્યો છે. દયા–દાન–વ્રતાદિ તે પુણ્યપરિણામ છે અને ભગવાન આત્માની અંતરદષ્ટિ જ્ઞાન અને સ્થિરતા તે ધર્મ છે. દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાથી મુખ્યપણે તો પુણ્ય થાય છે એમ કરીને ગૌણપણે તેને મોક્ષનું કારણ એ રીતે કહેશે કે જ્ઞાની એ રાગને પણ છોડી શુદ્ધોપયોગમાં ઠરશે ત્યારે મુક્તિ થશે.

કુદેવ–કુશાસ્ત્ર–કુગુરુની તો વાત જ નથી પણ સાચાં વીતરાગી દેવ, તેમના પાસેથી આવેલી દ્વાદશાંગ વીતરાગી વાણી અને નિર્ગ્રંથગુરુની ભક્તિ પણ મોક્ષનું સીધું કારણ થતી નથી. પુણ્યબંધનું કારણ થાય છે. કર્મક્ષયનું કારણ થતી નથી. પાપથી બચવા ધર્મીને શુભભાવ આવ્યા વગર રહેતાં નથી. દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ, પૂજા, સ્તુતિ આદિના ભાવ હોય છે પણ તેને ધર્મનું કારણ માનતાં નથી. આત્માના આશ્રયે પ્રગટેલાં સંવર–નિર્જરા જ મોક્ષનું કારણ છે. છતાં પાપથી બચવા મંદકષાયના પરિણામ થાય છે તેને ધર્મી હેયબુદ્ધિએ જાણે છે. આવું 'શાંતિ' એટલે 'આર્ય'–સજ્જન પુરુષો અથવા કપટ રહિત સંતપુરુષો કહે છે. અજ્ઞાની કપટી તો એમ કહે કે અમારી ભક્તિ કરો તો તમારી મુક્તિ થશે.

નિશલ્યોવ્રતી–શલ્ય વિનાના સંતો કે જેને મિથ્યાત્વ, માયા અને નિદાન શલ્ય નથી. ત્રણ કષાયનો અભાવ થયો છે એટલી વીતરાગદશા પ્રગટી છે એવા આચાર્યો, મુનિઓ એમ કહે છે કે અમારી ભક્તિથી મુક્તિ નહિ થાય. આર્ય પુરુષો અથવા ત્રણકષાયના અભાવવાળા સંતો જ આમ કહે છે બાકી અજ્ઞાની તો એવું જ કહે કે અમને જમાડો, અમારી ભક્તિ કરો એટલે અમારી સાથે તમારો પણ મોક્ષ થશે.

વીતરાગ સંતોને મોઢા સામેનો કોળિયો (માન લેવું) સારો લાગતો નથી તેથી એ તો ડાંડી પીટીને સત્યની જાહેરાત કરે છે કે અમારાથી તમારી મુક્તિ નહિ થાય. તમે જેટલો સ્વાશ્રય કરશો એટલો તમને લાભ થશે. તમારી મુક્તિ તમારી પાસે છે.

સંતો જે રીતે કહે છે એ રીતે માનવું જોઈએ. (ક્રમશઃ)

*

# વિષયોંમેં ફંસે હુએ સંસારી જીવકી કથા

સંસારસમુદ્રસે પાર કરનેવાલે શ્રીજિનેન્દ્ર ભગવાનકો નમસ્કારકર સંક્ષેપસેં સંસારી જીવકી દશા દિખલાઈ જાતી હૈ જો બડી ભયાવની હૈ.

એકબાર કોઈ મનુષ્ય એક ભયાનક વનમેં જા પહુંચા. વહાં એક વિકરાલ હાથીકો દેખ કર ડરકે મારે વહ ભાગા. ભાગતે–ભાગતે અચાનક વહ એક કુએમેં ગિર પડા. ગિરતે સમય એક વૃક્ષકી જડ પકડકર વહ બીચમેં હી લટક ગયા. વૃક્ષપર એક મધુકા છત્તા થા, જો ઉસી મનુષ્યકે પીછા કરનેવાલે હાથીકે ધક્કેસે હિલ ગયા. વૃક્ષ હિલ જાનેસે મક્ખિયાં ઉડ ગઈ ઔર છત્તેસે મધુકી બૂંદે ટપકકર ઉસ મનુષ્યકે મુંહમેં ગિરને લગી. ઉસ કુએમેં ચાર સર્પ થે, જો ઉસે ડસનેકે લિએ નીચેસે ફુંકાર રહે થે. જિસ જડકે સહારે વહ બીચમેં લટકા થા ઉસે ઉપરસે ભી કાલે ધૌલે દો ચૂહે કાટ રહે થે. ઈસ ભયાનક પરિસ્થિતિમેં રહનેપર ભી મધુકી બૂન્દોંકી લાલચમેં પડકર વહ ઉનસે છુટકારા પાનેકા કોઈ યત્ન નહીં કરતા થા. ઈસિ સમય કોઈ વિદ્યાધર જાતા હુઆ ઉસ ઓર આ નિકલા. ઉસ મનુષ્યકી દશા દેખકર ઉસે બડી દયા આઈ ઔર ઉસને કહા--ભાઈ ! આઓ, ઈસ વાયુયાનપર બૈઠો, મૈં તુમ્હેં નિકાલ લેતા હૂં. ઈસકે ઉત્તરમેં ઉસ અભાગેને કહા–આપ જરા ઠહરેં, વહ શહદકી બૂંદ ગિર રહી હૈ, મૈં ઈસે પીકર નિકલતા હૂં. વહ બૂંદ ગિર ગઈ. વિદ્યાધરને ફિર ઉસસે આનેકો કહા. તબ ભી ઉસ મૂર્ખને પહિલેકી તરહ કહા કી હાં–વહ બૂંદ આઈ જાતી હૈ, મૈં અબ ભી આયા. વિદ્યાધરકે બહુત સમઝાને પર ભી ''હાં, ઈસ ગિરતી હુઈ બૂંદકો પીકર આતા હૂં'' બારબાર ઉસકા યહી જવાબ રહા. લાચાર હો વિદ્યાધર લૌટ ગયા. વિષયોં દ્વારા ઠગે ગયે જીવોંકી યહી દશા હોગી. ઉન્હેં અપને હિત અહિતકા ભી જ્ઞાન નહી રહતા.

જિસ પ્રકાર મધુકી લાલચમેં પડકર ઉસ મનુષ્યકો વિદ્યાધરકે સમઝાનેપર ભી અપને હિત અહિતકા જ્ઞાન નહીં હુઆ ઉસી પ્રકાર વિષયોંમેં ફંસે હુએ જીવ સંસારરૂપી કુએમેં કાલરૂપી હાથી દ્વારા નાના પ્રકારકે કષ્ટ પાકર ભી હોશમેં નહીં આતા. ઉન્હેં ક્યા પતા કિ ઉનકી આયુરૂપી ડાલીકો દિન–રાતરૂપી દો કાલે ઔર ધૌલે ચૂહે કાટ રહે હૈં. કુએકે ચાર સર્પરૂપી ચાર ગતિયાં ઈસે ડંસનેકે લિયે મુંહ બાયે ખડી હૈં ઔર ગુરુ ઈસે હિતકા ઉપદેશ દે રહે હૈં, ફિર ભી યે અપને હિતકી ઓર ન દેખ શહદકી બૂંદરૂપી વિષયોંમેં લુબ્ધ હો રહે હૈં. સચ તો યહ હૈ કી જિસે દુર્ગતિ ભોગની હૈ ઉસે સચ્ચા માર્ગ ક્યોંકર અચ્છા લગે ! ઈસ પ્રકાર સંસારકી પરિસ્થિતિ દેખકર બુદ્ધિમાનોંકો ઉચિત હૈ કિ સંસારકે વિષયભોગરૂપી વિષકો ત્યાગકર ભગવાન જિનેન્દ્રકે આદેશાનુસાર પવિત્ર ધર્મ ભાવોકો અપને હૃદયમેં ધારણ કરેં જો અનન્ત સુખકા દેનેવાલા હૈ.

*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ ક્યા ?*

**સમાધાન :—**આત્માકી પહિચાન મહિમાપૂર્વક હોતી હૈ. શુષ્ક વિચાર કરે તો વહ છૂટ જાતા હૈ. આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ ઐસા બોલ દિયા, લેકિન ઉસકો ગ્રહણ નહીં કિયા તો ઐસે પહિચાન નહીં હોતી. ઇસકી મહિમા આની ચાહિયે. અનંત ગુણસે ભરપૂર, આશ્ચર્યકારી, આનંદકારી, મહિમાવંત આત્મા હૈ ઐસા વિચાર કર ભીતરમેં જાવે તબ ભેદજ્ઞાન હોવે. અનંત ગુણસે ભરપૂર ચૈતન્ય–ચમત્કારમય ચૈતન્યદેવ મૈં હૂં, દિવ્યતાસે ભરપૂર મૈં હૂં, ઐસી ચૈતન્યકી અંદરસે અદ્‌ભુતતા લગની ચાહિયે. ફિર આત્માકો ગ્રહણ કરેં તો ગહરાઈ આતી હૈ. આત્માકી મહિમા ન લગે ઔર બાહરસે જ્ઞાનસ્વરૂપ... જ્ઞાનસ્વરૂપ...ઐસા કરને લગે અર્થાત્ ઉપર–ઉપરસે જ્ઞાન- સ્વરૂપ...જ્ઞાનસ્વરૂપ કરે તબ કુછ નહીં હોતા. ઇસકી મહિમા આની ચાહિયે. મૈં જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ કોઈ અદ્‌ભુત આત્મા હૂં ઐસી મહિમા આવે તો ભીતરમેં ચલા જાતા હૈ.

મુમુક્ષુ :—આત્માકી મહિમા કૈસે આવે ?

બહેનશ્રી :—મહિમા અર્થાત્ આત્માકી અદ્‌ભુતતા લગની ચાહિયે, આશ્ચર્ય લગના ચાહિયે કિ યહ કોઈ અદ્‌ભુત તત્ત્વ હૈ. મેરી આત્મા કોઈ સામાન્ય નહીં હૈ, સિદ્ધભગવાન જૈસી હૈ. ઔર સબ લોક ઊપર તીરતા હૈ ઐસા મૈં અદ્‌ભુત હૂં. જહાં રુચિ લગે, ઉપયોગ વહાં હી લગે. ભગવાનકી જિસકો મહિમા હોતી હૈ કિ ભગવાન વીતરાગ સ્વરૂપ હૈ ઉસકો મંદિરમેં ભગવાનકા દર્શન કરતે સમય ભગવાનકી પ્રતિમાકો દેખકર આશ્ચર્ય લગતા હૈ કિ કૈસા ભગવાન ! ઠીક વૈસે હી ચૈતન્યભગવાનકા આશ્ચર્ય લગના ચાહિયે કિ વીતરાગ આત્મા ઐસી હી હૈ ફિર વહ છૂટે નહિ. આત્માકી મહિમા લગે તો ઉસકો દેખનેકે લિયે ઉપયોગ બાર બાર વહાં હી જાય, લેકિન મહિમા ન લગે તો મૈં જ્ઞાનસ્વરૂપ હૂં ઐસા છૂટ જાતા હૈ.

ભગવાનકી મહિમા લગે તો મંદિરમેં પ્રતિમાજીકો દેખકર શાંતિ હોતી હૈ કિ ભગવાન કૈસા વીતરાગ હૈ ! ઐસે આત્મભગવાનકી મહિમા લગની ચાહિયે. પ્રતિમાજી ઐસી હૈ તો સાક્ષાત્ ભગવાન કૈસા હોગા !! ઐસે સાક્ષાત્ ભગવાનકી મહિમા આવે વૈસે આત્મભગવાનકી મહિમા આની ચાહિયે. ઔર ચિત્ત વહાં હી લગે તો દૂસરી કહીં ભી જગહ લગે નહીં. (અનુસંધાન માટે જુઓ પાનુ-૨૩)

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વકીલ શ્રી વીરજીભાઈ તારાચંદ વારિઆ
(હા. શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર)ના સૌજન્યથી સાનંદ સંપન્ન

# ૧૧૩મો શ્રી કહાનગુરુ-જન્મમહોત્સવ

## * ધન્ય ! વૈશાખી બીજ *

અહો ! ભવોદધિ-તારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના મંગલ જન્મમહોત્સવની આનંદદાયી મહિમા શું કહી શકાય ! જૈનજગતમાં જે મહત્વ તીર્થંકરોના જન્મકલ્યાણક દિવસનું છે, સાચે જ એવું જ મહત્વ મુમુક્ષુ જગતમાં આપણા તીર્થંકરોપમ, તારણહાર, અધ્યાત્મ-માર્ગોદ્યોતક, પરમોપકારી પૂજ્ય કહાનગુરુદેવના મંગલ જન્મદિવસનું છે. વૈશાખ સુદ બીજને, એવા અસાધારણ મહાપુરુષને જન્મ આપીને, વસ્તુતઃ ઐતિહાસિક ધન્યતા ઉપલબ્ધ થઈ ગઈ.

## * પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ *

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ૧૧૩મા ભક્તવૃંદઆનંદકારી મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં, તા. ૧૦-૫-૨૦૦૨ થી તા. ૧૪-૫-૨૦૦૨ સુધી પંચાહ્નિક ભવ્ય સમારોહપૂર્વક અતિ આનંદોલ્લાસ સાથે સંપન્ન થયો. આ મંગલ મહોત્સવના આયોજક શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવારના આબાલવૃદ્ધ સર્વે સદસ્યોને આ ગુરુ-જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિ-ઉત્સાહ હતો.

## * ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી *

સનાતન સત્ય વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ-ઉપકારમહિમા બતાવનારા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર દ્વારા આયોજીત આ પવિત્ર જન્મજયંતી સમારોહમાં સર્વે મુમુક્ષુ સમાજને, તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૧૩મો ગુરુજન્મોત્સવ અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો.

## * ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન *

ગુરુ-જન્મોત્સવના આ પાવન પ્રસંગે દેશવિદેશથી ૨૫૦૦થી અધિક ગુરુભક્ત ઉપસ્થિત હતા પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા,

આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી છાયામાં, સંપન્ન કરેલો આ ગુરુ-જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવનાપૂર્ણ તથા આનંદદાયી અનુભૂત થયો.

## * આનંદોત્સાહ એવં પૂર્વ તૈયારી *

જેમના સૌજન્યથી આ મંગલ જન્મોત્સવ સુસંપન્ન થયો એ ઉપર્યુક્ત વારિઆ-પરિવારને મહાન સૌભાગ્યથી સમ્પ્રાપ્ત આ ગુરુ-જન્મોત્સવ ઊજવવાનો એટલો અધિક આનંદોલ્લાસ હતો કે તેઓએ સ્વયં પ્રસંગોચિત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, 'કૌન બનેગા આત્માર્થી ?'–તત્ત્વજ્ઞાનનો રસપૂર્ણ કાર્યક્રમ તથા પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન, પ્રભાવના આદિ વિષય પર પ્રકાશ અને ધ્વનિ (Light & sound show)નો પ્રશંસનીય કાર્યક્રમ વગેરે અતિ પરિશ્રમપૂર્વક મહિનાઓ સુધી, ગુરુભક્તિના મધુર ગીત ગાતા ગાતા, તૈયાર કર્યા હતા. આ કાર્યક્રમ સુંદર રહ્યા. ઉપસ્થિત મુમુક્ષુ સમાજે એની ખુબ પ્રશંસા કરી, તથા આવા પ્રકારના આયોજન પ્રસ્તુત કરતા રહેવાની વિનંતી કરી હતી.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવરસભીની ઓડિયો-ધર્મચર્ચા, જિનેન્દ્ર-દર્શનપૂજા, પરમાગમમંદિરમાં 'સોલહકારણવિધાન-પૂજા', ગુરુભક્તિપદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ શોભાસાજથી વિભૂષિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ ટેપપ્રવચન, સમુહ-ગુરુભક્તિ, અપરાહ્ન વિદ્વત્શાસ્ત્રપ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; આયોજક તરફથી સાંજની ભક્તિ (સાંજી), મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને અંતમાં વિભિન્ન સાંસ્કૃતિક કાર્યક્રમ અથવા વિડિયો દ્વારા ગુરુ-યાત્રાદર્શન અને પૂજ્ય બહેનશ્રીની અનુભવરસભરી આધ્યાત્મિક તત્ત્વચર્ચા–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુ ચાલતો હતો. પૂજા, પ્રવચન તથા ભક્તિના દરેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગા પુરી ભરાઈ જતી હતી.

## * ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર-પારણાઝુલન *

વાર્ષિક ગુરુ-જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૧૩-૫-૨૦૦૨ના દિવસે બપોરે 'ધાતકી-વિદેહના ભાવિ-તીર્થંકરદેવ'ના સમવસરણ-વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત ભવ્ય ગન્ધકૂટી પર બિરાજમાન ભાવિ-ભગવાનનો સમવસરણ-વિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય શણગાર તથા વાજતે ગાજતે 'કહાનકુંવરના પારણાઝૂલન'ના અતિ મનોહર 'ફ્લોટ' (Float) સર્વેનાં ગુરુભક્તિભીના ચિત પોતાની તરફ કેન્દ્રિત કરતા હતા. (પારણાઝૂલનની બોલીનો લાભ શ્રી મહેન્દ્રભાઈ વારિઆ-પરિવારને સમ્પ્રાપ્ત થયો હતો) આ મંગલ રથોત્સવની ભવ્યતા

જોઈને ઇતર ગ્રામ જનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ભજનમંડળીએ મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અતિ રોચક બનાવી દીધું હતું.

આ મંગલ અવસર પર શાસ્ત્રપ્રવચન સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ, રાજુભાઈ કામદાર, હિમ્મતભાઈ ડગલી, રમેશભાઈ (સલાલ), નિરંજનભાઈ (સુરત), ડૉ. પ્રવિણભાઈ (રાજકોટ) તથા અધ્યાપનકાર્ય સર્વશ્રી ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર, બ્ર. વ્રજલાલભાઈ, સુભાષભાઈ શેઠ અને રમેશભાઈ (સલાલ)એ ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું.

## ગુરુ-જન્મોત્સવ : 'વૈશાખી બીજ'

## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મજયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દૃશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની તખ્તાસીન વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ની સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવ-સ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-માંગલિક', પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પરમાગમમંદિરમાં 'સોલહકારણમંડલવિધાનપૂજા' તથા તેનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્—

ગીત તથા જયકારપૂર્વક, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું (પ્રતિકૃતિના રૂપમાં) મંગલ પદાર્પણ, તથા કમલાસીન-ભાવિ જિનવરની સ્વર્ણિમ પ્રતિકૃતિ સાથે અક્ષત પુષ્પોથી ગુરુ-પ્રતિકૃતિની સમક્ષ ગુરુ-જન્મવધાઈ, બપોરે શાસ્ત્ર પ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, તીર્થયાત્રા-વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન અને અંતમાં બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા. ઉત્સવમાં મળતા ગુરુદર્શન તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

**સ્થાયી મંડલવિધાનપૂજા :** આ મંગલ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૭૬ મહાનુભાવો તરફથી રાખેલી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા બે મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે સવાર-સાંજ તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે સવારનું જમણ (-સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર તરફથી તથા સ્થાયી જમણ ૭ મહાનુભાવો તરફથી રાખેલ.

સોનગઢથી પ્રકાશિત ધાર્મિક સાહિત્યમાં કુલ ૫૦ ટકા ડિસ્કાઉન્ટ વિભિન્ન ૩ મહાનુભાવો તરફથી તથા કેસેટમાં ૨૦ ટકા ડીસ્કાઉન્ટ એક મહાનુભાવ તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગલ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૬,૪૩,૮૬૩=૫૦ની આવક થઈ હતી.

| | | |
|---|---|---|
| ૧. | ૧૧૩ના અંકમાં ૧૧૩×૧૩૪૨ | ૧,૫૧,૬૪૬=૦૦ |
| ૨. | પ્રાસંગિક વિધાનપૂજા | ૨,૦૦૨=૦૦ |
| ૩. | રથયાત્રાની બોલી | ૧,૨૫,૫૧૦=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૧ની વધાઈ ૧૦૦૧×૧૦ | ૧૦,૦૧૦=૦૦ |
| ૫. | રૂા. ૫૦૧ની વધાઈ ૫૦૧×૫૮૬ | ૨,૯૩,૫૮૬=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૬,૫૪૨=૫૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝૂલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૫૪,૫૬૭=૦૦ |
| | કુલ રૂા. | ૬,૪૩,૮૬૩=૫૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક શ્રી મહેન્દ્રભાઈ સુંદરજીભાઈ વારિઆ-પરિવાર તરફથી આપવામાં આવ્યો હતો.

## * વઢવાણ શહેરમાં વેદીપ્રતિષ્ઠા સાનંદ સંપન્ન *

જિનેન્દ્ર મંગલ માર્ગ પ્રભાવક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રીની મંગલ ઉપસ્થિતિમાં બહેનશ્રીના જન્મગામ વઢવાણ શહેરમાં નિર્મિત તેમ જ પ્રતિષ્ઠિત શ્રી વર્ધમાનસ્વામી દિગંબર જિનમંદિરના ઉપરના ભાગમાં બિરાજમાન શ્રી મહાવીરસ્વામીના જિનબિંબને ધરતીકંપના કારણે ક્ષતિ પહોંચેલ; તે સ્થાને, ભગવાન મહાવીરસ્વામીના નવા વીતરાગ દિગંબર જિનબિંબને મલાડ (મુંબઈ)માં પંચકલ્યાણકપ્રતિષ્ઠા પ્રસંગે પ્રતિષ્ઠિત કરાવીને, વેદીપ્રતિષ્ઠા-મહોત્સવનું (તા. ૧ થી ૩ જુન) ત્રણ દિવસનું આયોજન કરી, વઢવાણ મુમુક્ષુમંડળના અતિ ભાવભીના આગ્રહથી બિરાજમાન કરવાની મંગલવિધિ બ્ર૦ શ્રી વ્રજલાલભાઈ ગિરધરભાઈ શાહના શુભ હસ્તે બહુ આનંદોલ્લાસપૂર્વક સંપન્ન થઈ હતી. આ મંગલ મહોત્સવનો ભક્તિભાવભીનો લાભ વઢવાણ, જોરાવરનગર અને સુરેન્દ્રનગર—ત્રણે ગામના મુમુક્ષુઓએ ખૂબ આનંદોલ્લાસ સહ લીધો હતો.

[તા. ૧૦-૬-૨૦૦૨]

# સુવર્ણપુરી સમાચાર

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાત: | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'અષ્ટપાહુડ' શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**શ્રુતપંચમી પર્વ** : જેઠ સુદ-૫, તા. ૧૫-૬-૨૦૦૨, શનિવારના દિવસે શ્રુતપંચમીપર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**આર્દ્રા નક્ષત્ર** : તા. ૨૨-૬-૨૦૦૨, શનિવારના દિવસે સવારે ૮-૫૧ મી. પ્રારંભ થાય છે.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તથા ટ્રસ્ટીઓએ 'શ્રી આદિનાથ-કુંદકુંદ-કહાન દિ૦ જૈન ટ્રસ્ટ-અલીગઢના ટ્રસ્ટી, સંરક્ષક તથા કમીટીના સભ્યપદેથી ત્યાગપત્ર આપી દીધેલ છે.**

## આત્મધર્મ—વાર્ષિક શુલ્ક

આ જુન માસથી આપના આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આથી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલાવી દેવા વિનંતી છે. જો આપ આજીવન ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલાવશોજી.

'ગુજરાતી આત્મધર્મ-કાર્યાલય'
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

## * પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ *

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૩મી સાંવત્સરિક ઉપકાર-સ્મૃતિતિથિ (સમાધિતિથિ), તા. ૨૫-૫-૨૦૦૨ થી તા. ૨૯-૫-૨૦૦૨ (શ્રાવણ વદ-૩) સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં તેઓના જ્ઞાન, વૈરાગ્ય, સ્વરૂપસાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક અપાર ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનના ઉદાસીભર્યા વાતાવરણમાં સાદગીથી રાખવામાં આવી હતી.

## * સમ્યક્ત્વજયંતીના અવસર પર વિશિષ્ટ ધાર્મિક કાર્યક્રમ *

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૦મી સમ્યક્ત્વજયંતીના અવસર પર તા. ૬-૪-૨૦૦૨ની રાત્રે, નાયરોબીના શ્રી શ્રેયસ રાજા દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ 'મોક્ષમાર્ગનો અગ્રણી કોણ ?' નામના, કોમ્પ્યુટર પાવર પોઈન્ટ પ્રોજેક્ટર દ્વારા નવીન પ્રકારના જ્ઞાન સાથે ગમ્મત આપતા ધાર્મિક 'Game show' નું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં સમ્યક્દર્શનના વિષયને સબંધિત પંચપરમાગમ શાસ્ત્રની ગાથાઓ, તેની વ્યાખ્યાઓ વગેરેમાંથી તેમજ પૂજ્ય બહેનશ્રીનું જીવનચરિત્ર, બહેનશ્રીનાં વચનામૃતના પ્રસિદ્ધ બોલો અને 'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ'ના આધારે તૈયાર કરવામાં આવેલ હેતુલક્ષી પ્રશ્નો પૂછવામાં આવેલ. આ કાર્યક્રમ ઘણો જ સુંદર હતો. ઉપસ્થિત મુમુક્ષુસમાજે તેની બહુ જ પ્રશંસા કરી હતી અને આવા નવા નવા આયોજન કરવાની પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમ તૈયાર કરવામાં તથા રજુ કરવામાં શ્રી શ્રેયસ રાજા તથા શ્રીમતી કલ્પા રાજાએ ઘણો ફાળો આપ્યો હતો.

---

(પાના નં. ૧૭થી ચાલુ)

મુમુક્ષુ :—સ્વયં મહિમાવાન પદાર્થ હોતે હુએ ભી સ્વયંકી મહિમા ક્યોં નહીં આતી ?

બહેનશ્રી :—બાહરકી મહિમા હૈ, બાહરમેં રુક રહા હૈ ઈસલિયે સ્વયંકી મહિમા નહીં આતી. બાહરકે પદાર્થોમેં રુક જાતા હૈ, ઉનકી મહિમા લગતી હૈ, બાહર દેખનેમેં આશ્ચર્ય લગતા હૈ, યહ દેખૂં-યહ દેખૂં ઐસે સબ બાહર દેખનેમેં રુક જાતા હૈ ઔર ભીતરમેં ચૈતન્યભગવાન આત્મા દેખનેમેં નહીં આતી હૈ ઈસલિયે વિશ્વાસ નહીં આતા ઈસ વજહસે મહિમા નહીં આતી. ઔર બાહરમેં વિશ્વાસ આતા હૈ, ઈસલિયે બાહરમેં સબ મહિમાવંત લગતા હૈ.

બાહરમેં કોઈ સામાન્ય બાત હો તો ભી કુતૂહલ કરકે દેખનેકો જાતા હૈ, લેકિન ભીતર આત્માકા આશ્ચર્ય કરકે-કુતૂહલ કરકે-દેખનેકો ભી નહીં જાતે. શાસ્ત્રમેં આતા હૈ કિ તૂ એકબાર કુતૂહલ કરકે દેખ તો સહી ! કિ અંદર કૈસી આત્મા બિરાજમાન હૈ !

*

## વૈરાગ્ય-સમાચાર—

જેતપુરનિવાસી (હાલ ઘાટકોપર) ચંપાબેન રેવાશંકર દેસાઈ (વર્ષ-૮૧) ચૌદ મહિના કોમામાં રહ્યા બાદ તા. ૪-૪-૦૨ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેઓએ ૨૨ વર્ષ સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવનો લાભ લીધો હતો.

રાણપુરનિવાસી (હાલ ઘાટકોપર) સ્વ. પ્રેમચંદભાઈ મગનલાલ શેઠના સુપુત્ર મહાસુખલાલ (વર્ષ-૭૩) હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

બોટાદનિવાસી ભીમજીભાઈ વીરચંદભાઈ ડગલી તા. ૨૯-૪-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

માંગરોળનિવાસી (હાલ સોનગઢ) હસુમતિબેન બાબુલાલ શાહ (વર્ષ-૭૭) તા. ૨-૫-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા બાવન વર્ષથી સોનગઢ સ્થાયી રહીને લાભ લીધો હતો.

સાવરકુંડલાનિવાસી (હાલ રોજકોટ) વસંતબેન નાનચંદભાઈ મહેતા (—શ્રી કિરીટભાઈ, કિશોરભાઈ, ધવલભાઈના માતુશ્રી) (વર્ષ-૮૮) તા. ૩-૫-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયા નિવાસી (હાલ ઘાટકોપર) મનુભાઈ હિંમતલાલ ધોળકીયા (વર્ષ-૫૮) તા. ૧૧-૫-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લાખણકાનિવાસી (હાલ નાલાસોપારા) સ્વ. બ્ર. ગુલાબચંદભાઈ (સોનગઢ)ના ભત્રીજા લલીતભાઈ મનસુખલાલ અજમેરા (વર્ષ-૩૪) તા. ૧૭-૫-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સાયલા (રાજસ્થાન) નિવાસી (હાલ કલકત્તા) શ્રી તખતરાજજી વનાજી (વર્ષ-૮૬) તા. ૨૧-૫-૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ ઘણો સમય રહીને લાભ લીધો હતો; તત્ત્વજિજ્ઞાસુ હતા. સોનગઢ પંચમેરુ—નંદીશ્વર પંચકલ્યાણ પ્રસંગે તેમને ''પિતા'' બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

મલાડ નિવાસી દિનેશભાઈ અમૃતલાલ મેઘાણી (વર્ષ-૬૫) તા. ૨૩-૫-૦૨ના રોજ સાંજે સોનગઢ ભોજનશાળામાં જમવા બેસતાં હેમરેજ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢ વારંવાર ઘણો સમય રહીને લાભ લેતા હતા. તત્ત્વરસિક હતા.

નવરંગપુરા(અમદાવાદ)નિવાસી મુમુક્ષુ મંડળના પ્રમુખ શ્રી પ્રભાકરભાઈ કામદાર (વર્ષ-૭૯) તા. ૨૯-૫-૨૦૦૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નવરંગપુરા-મુમુક્ષુ મંડળની ધાર્મિક પ્રવૃત્તિના અત્યંત સક્રિય પ્રમુખ હતા. પૂજ્ય બહેનશ્રીના સમાધિ દિન નિમિત્તે તેઓએ ક્રમસર ચાલતા સી.ડી. પ્રવચનને બદલે બાર ભાવનાનું વૈરાગ્ય પ્રવચન મુકાવ્યું હતું ને ૮-૧૦ મીનીટ પ્રવચન સાંભળતા સાંભળતા વૈરાગ્યપૂર્ણ ભાવનાપૂર્વક જિનમંદિરમાં જ હાર્ટફેઈલ થતાં સ્વર્ગવાસ પામ્યા હતા. તેઓ તત્ત્વરસિક અને ધર્મપ્રભાવનાના અત્યંત ઉત્સાહી તેમજ સાધર્મીવાત્સલ્યપ્રેમી હતા.

*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ જ્ઞેય-જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદ છે પણ વસ્તુમાં ભેદ નથી. અહીં સ્વતંત્રતાની–પરિપૂર્ણતાની પરાકાષ્ઠા બતાવી છે. જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, કથનમાં ભેદ છે પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી. પર મારું ને હું તેનો એ તો નથી, પર જ્ઞેય ને હું જ્ઞાયક એમ પણ નથી, પરંતુ હું જ્ઞેય ને હું જ્ઞાયક એવો ભેદ પણ નથી. વસ્તુમાં જ્ઞેય-જ્ઞાયક ને જ્ઞાતા એવા ત્રણ ભેદ છે જ નહીં, દૃષ્ટિમાં ત્રણ ભેદ જ નથી. ૨૪૮.

❀ મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે. ૨૪૯.

❀ જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે. ૨૫૦.

❀ શ્રોતા :—પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને ?

પૂજ્ય ગુરુદેવ :—આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે—એમ કહેવાય, પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી, ત્રિકાળી ધ્રુવસ્વભાવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે. ૨૫૧.

❀ ક્રમબદ્ધના છંછેડાટમાં ક્રમબદ્ધનો છંછેડાટ નથી પણ અકર્તાપણાનો છંછેડાટ છે. જ્ઞાનસ્વભાવ અકર્તા સિદ્ધ કરીને પુરુષાર્થ કરાવવો છે. ૨૫૨.

*

# ❀ વિકાર વિનાનું મહાન અસ્તિત્વ ❀

સંસારની પર્યાયવાળો–રાગવાળો જ જે પોતાને માને છે તેને અહીં જીવ જ કહેતાં નથી. બીજી રીતે કહીએ તો જેની દૃષ્ટિ વિકાર અને નિમિત્ત ઉપર છે અને તેનાથી જ મને લાભ થશે એમ માનનારની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતી નથી. તેથી મારું અસ્તિત્વ આ વિકાર વિનાનું મહાન છે એમ એણે માન્યું જ નથી.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334